# બનાસકાંઠામાં ભવ્ય રથયાત્રા નીકળી

## પાલનપુર, ડીસા અને અંબાજી સહિતના વિસ્તારમાં ભવ્ય રથયાત્રાનું સ્વાગત કરાયું

પાલનપુર, તા. ૧૦

જગતના પાલનહાર ભગવાન જગન્નાથજીની આજે અષાઢી બીજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, ડીસા, અંબાજી સહીત ભવ્યાતિભવ્ય રથયાત્રા નિકળી હતી. જેનું ઠેર ઠેર ભાવિક ભક્તો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાલનપુરના મોટા રામજી મંદિરેથી પરંપરાગત રીતે આજે બપોરે મંગલા આરતી બાદ ભગવાન શ્રીકૃષ્ણ ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી તેમના ભક્તોને આજે સામે ચાલીને દર્શન આપવા નગર પરિક્રમાએ નિકળ્યા હતા. આ રથયાત્રામાં પરંપરાગત રાજમાર્ગો પર ફરતા ખોડાલી મડાથી આગળ જુમ્મા મસ્જીદ પહોંચતા ત્યાં કાદરી (મુસ્લીમ) પરિવાર તરફથી પુષ્પવર્ષા કરી સ્વાગત કરાયું હતું. જ્યારે નાની બજાર ત્રણ બત્તી વગેરે સ્થળોએ પણ અગ્રણીઓ અને નાગરીકો દ્વારા સ્વાગત કરાયું હતું.

રથયાત્રામાં નાસિક બેન્ડ, ડી.જે.ના તાલે ધાર્મિક ગીતો, રાસ ગરબા, ભજનોની રમઝટ બોલાવતા રાસ મંડળીઓએ અનેરૂ આકર્ષણ જમાવ્યુ હતું. નાના ભુલકાઓ ભારત માતા સહિત દેવી દેવતાની વેશભૂષામાં સજ્જ હતા. સમગ્ર રથયાત્રા દરમિયાન એસ.પી. અશોક યાદવના માર્ગદર્શન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ અને શહેરીજનોના સહયોગથી શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થઈ હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ડીસામાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા : ભાવિકોની ભારે ભીડ

ડીસા, તા. ૧૦

આજે અષાઢી બીજની ભગવાન જગન્નાથજીની ભવ્ય અને જાજરમાન રથયાત્રા બપોરે ૩ કલાકે શહેરમાં રામજી મંદિર ખાતે આવેલા મંદિર ખાતેથી શાસ્ત્રોક્ત વિધિ બાદ 'જય જય જગન્નાથ' અને 'હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલ કી' તેમજ 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી' જેવા ગગન ભેદી નારા સાથે પ્રસ્થાન થઈ હતી. આ પહેલા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવે મંદિર પહોંચી ભગવાન જગન્નાથજીની આરતી ઉતારી હતી અને રથનું દબદબાભેર પ્રસ્થાન કરાવ્યું હતું. જે બાદ અભૂતપૂર્વ પોલીસ બંદોબસ્ત વચ્ચે શરૂ થયેલી રથયાત્રા જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તેમ ભાવિકો મોટી સંખ્યામાં તેમાં જોડાયા હતા અને આ રથયાત્રાનું ઠેર ઠેર ઉમળકાભેર સ્વાગત કરાયુ હતું. આ રથયાત્રામાં હાથી, ઘોડા, જીપ, ટ્રેક્ટર, ઊંટગાડી પર સવાર અનેક ઝાંખીઓ તેમજ ઢોલ, નગારા, ત્રાંસા, તેમજ ડી.જે. સાઉન્ડ પર ભગવાનના ગુણ ગાન ગાતા ગીતો, ભજનો ભાવિકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

જ્યારે રથયાત્રાને લઈને લોકોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને શહેરને ઠેર ઠેર ધજા પતાકા અને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. જ્યારે ભગવાનના રથને દોરડાથી ખેંચવામાં ભાજપના પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને શહેર પ્રમુખ ડૉ. દિનેશ પટેલ, મહેશભાઈ દવે, પ્રણવભાઈ પઢીયાર અને તેમની ટીમ અને કોંગ્રેસના પૂર્વ પ્રમુખ વિપુલ શાહ, પ્રકાશ ભારતીય અને શહેર પ્રમુખ દીપક પટેલ, બાદરસિંગ વાઘેલા અને હોદ્દેદારો જોડાતા આ ધાર્મિક તહેવારની ઉજવણીમાં સૌ એક મંચ પર ભક્તિ રંગે રંગાયા હતા. આ રથયાત્રા રામજી મંદિરથી રિશાલા બજાર, એસ.સી.ડબલ્યુ સ્કૂલ, અંબિકા ચોક, સાઈબાબા મંદિર, દેનાબેંક ચોક, સોનીબજાર થઈ નિજ મંદિર પરત ફરી હતી. રથયાત્રાના પર્વની ઉજવણીમાં સમગ્ર શહેર જોડાતા આજે શહેરમાં ભક્તિ રંગનો અનેરો માહોલ જામ્યો હતો. આ રથયાત્રા સુખરૂપ સંપન્ન થતા ભક્તજનો અને તંત્રે પણ રાહતનો દમ લીધો હતો.




આજરોજ ડીસા ખાતે ચાલતી સેવાભાવી સંસ્થા શ્રી સુભાષ સેવા ટ્રસ્ટ સંચાલીત સુભાસ ચંદ્ર બોઝ સેવા સમિતી ડીસા દ્વારા અષાઢી બીજ નિમિત્તે આયોજીત શ્રી ભગવાન જગન્નાથજીની ૧૫મી. ભવ્ય રથયાત્રા ડીસાના રામજી મંદીર થી બપોરે ૩.૦૦ કલાકે નીકળી ડીસાના જાહેર માર્ગો રીસાલા બજાર, હીરા બજાર, એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલ, અંબીકા ચોક, લાયન્સ હોલ, બગીચા, ફુવારા, લેખરાજ ચારરસ્તા, થઈ રામજી મંદીરે સાંજે ૭.૩૦ કલાકે પરત ફરી હતી. આ રથયાત્રામાં હાથી, ઘોડા, ઉંટલારીઓ ઉપર વિવિધ ઐતિહાસીક ઝાંખીઓ, અખાડા, નાસીકઢોલ, શરણાઈ, બેન્ડ, ભગવાનના રથો, તેમજ ડીજે સાથે સુશોભીત યાત્રા નગરમાં નીકળેલ. સાંઈબાબા મંદીર ખાતે સાંઈબાબા ટ્રસ્ટ દ્વારા અને ગાંધીજીના બાવલા પાસે પોલીસ પરીવાર ટ્રસ્ટ દ્વારા સ્વાગત કરી મહાઆરતી કરવામાં આવેલ. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## તલોદની ટ્રિનિટી સંસ્થામાં શૈક્ષણિક સેમિનાર યોજાયો

તલોદ, તા.૧૦

તલોદની ટ્રિનિટી એજયુકેશન કેમ્પસ ખાતે શિક્ષક મિત્રો પોતાના શૈક્ષણિક કાર્યમાં સરળતા સાથે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન કઈ રીતે આપી શકાય તે વિષય પર પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી ડાહ્યાભાઈ પટેલનું સચોટ માર્ગદર્શન પ્રવચન યોજવામાં આવ્યું હતું.

આ શૈક્ષણિક સેમિનારમાં ટીચીંગ શિક્ષકોને ભારરૂપ ન બને અને વિદ્યાર્થીઓને ભાર વગરનું ભણતર પર સુંદર માર્ગદર્શન ડાહ્યાભાઈએ આપ્યું હતું. કેમ્પસના ટ્રસ્ટી આર.એલ. પટેલ, આચાર્ય કિરીટભાઈ, આચાર્ય શૈલેષભાઈ, અલ્પેશભાઈ અને કાજલ પ્રજાપતિએ સ્વાગત કરી સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું હતું.





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં રંગેચંગે જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નીકળી

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા શહેરમાં બુધવારે રાધાકૃષ્ણ મંદિરમાંથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાઢવામાં આવી હતી. જે શહેરમાં નિયત માર્ગો પર ફ્રી સાંજે નીજ મંદિર પરત ફ્રી હતી.

ભગવાન જગન્નાથજી ભાઈ બલભદ્ર અને બહેન શુભદ્રાની નગર પરીક્રમા સવારે ૯ કલાકે નીકળી હતી. ત્યારે નગરજનો ઉત્સાહપૂર્વક રથયાત્રામાં જોડાયા હતા. રથયાત્રાના માર્ગોમાં રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. સવારે રથયાત્રા પહેલા મંદિરમાં હસમુખભાઈ મોદી અને દિલીપકુમાર શંકરલાલ રાવલ દ્વારા ધજા ચઢાવવામાં આવી હતી. ત્યારબાદ ભગવાનના રથને હસમુખલાલ મોદી દ્વારા પ્રસ્થાન કરાવ્યું હતું. રથયાત્રા મંદિરથી નીકળી પટેલ ફળી બ્રહ્માજી ચોક, બસસ્ટેન્ડ, આરાધના સિનેમા વગેરે સ્થળે થઈ ભગવાનના મોસાળ હસમુખલાલ મોદીના નિવાસસ્થાને પહોંચી વિસામો કર્યો હતો. રથયાત્રાના માર્ગોમાં અમેરીકાના ન્યુજર્સી સ્ટેટના પ્રવાસી ચેગ્રૂફે કોરબી અને શનન કોરબીએ ભગવાનનો રથ ખેંચવાનો લ્હાવો લીધો. રથયાત્રાના વનવાસી ભાઈઓના શણગારેલા ઢોલ, ટ્રેક્ટર પણ જોડાયા હતા.

ભગવાનના મોસાળમાં સોનુ-ચાંદી કાંસના વાસણ, વાઘા અને રોકડ મળી રૂ. ૬૦,૦૦૦નું મામેરૂ ભરવામાં આવ્યું હતું . સર્વે પૂજા અર્ચનનો લાભ લીધો હતો.

## વિક્રમ ઠાકોર રથયાત્રામાં ભાગ લઈ આકર્ષણ જમાવ્યું

અમદાવાદ, તા. ૧૦

ભગવાન જગન્નાથની ૧૩૬મી રથયાત્રામાં ભારતીય સંસ્કૃતીની ઝાંખી કરાવતી ટ્રકો, હાથી, ભજન મંડળીઓ જોડાઈ હતી. આ રથયાત્રામાં ગુજરાતી ફિલ્મ કલાકાર વિક્રમ ઠાકોરે ભારે આકર્ષણ જમાવ્યું હતું. વિક્રમ ઠાકોર તેની આગામી ફીલ્મને લઈને ટ્રક નં. ૧૮માં તેના ફીલ્મની હિરોઈન સાથે રથયાત્રામાં જોડાયો હતો. આ રથયાત્રામાં કોઈ ફિલ્મ કલાકાર જોડાયો હોય તેવું ઈતિહાસમાં પ્રથમવાર બન્યું છે. વિક્રમ ઠાકોર તેની આગામી ફીલ્મ 'મા-બાપના આર્શીવાદ'ના પોસ્ટરો લગાવેલી ટ્રકમાં બિરાજમાન થયો હતો અને તેની ફિલ્મના પ્રમોશન કર્યું હતું.

વિક્રમ ઠાકોરે તેની આગામી ફિલ્મનો પ્રમોશન કરવા માટે ભગવાનની રથયાત્રામાં જોડાઈ ભગવાનનું શરણ લઈ નવો ચીલો ચાતર્યો હતો. વિક્રમ ઠાકોરની આગામી ફિલ્મ 'મા-બાપના આર્શીવાદ' આવી રહી છે. જેને ધ્યાનમાં રાખીને તેણે રથયાત્રામાં જોડાઈ લોકોને પોતાની ફિલ્મનું પ્રમોશન કર્યું હતું ગુજરાતી ફિલ્મી કલાકારોને પણ પોતાની ફિલ્મનું પ્રમોશન કરવા માટે ભગવાનના શરણે આવવું પડયું છે.

## સિનિયર સિટીઝન્સ ક્લબ તલોદે ઉત્તરાખંડમાં પ્રભુને પ્યારાં થયેલ મૃતકોને અર્પેલ શ્રદ્ધાંજલિ

તલોદ, તા. ૧૦

સિનિયર સિટીઝન્સ ક્લબ તલોદમાં પ્રિ. રતીભાઈ એલ. પટેલના પ્રમુખ સ્થાને મળેલ સભાએ ઉત્તરાખંડમાં કેદારનાથના પવિત્ર ધામમાં થયેલ એકાએક જલપ્રલયના કારણે હજારો યાત્રાળુઓ કાટમાળની નીચે દટાયા, આભ ફાટતાં આવેલ જલપ્રલયમાં તણાઈ મરણને શરણ થયા. જાન ગુમાવનાર આ હજારો યાત્રાળુઓને કેટલાક યુવાનો પોતાનાં પ્યારાં માતાપિતાને શ્રાવણની જેમ યાત્રા કરાવવા કેદારેશ્વરનાં દર્શન કરવા લઈને નીકળ્યા હતા. તેમાં આબાલવૃદ્ધ સૌ કોઈ હતા.

યાત્રાળુઓને ઘોડાપર બેસાડી યાત્રા કરાવતા અને પરિણામે રોટલો રળતા હજારો ઘોડાવાળાઓએ પણ એકાએક જાન ગુમાવ્યા હતા. હજારોની સંખ્યામાં પશુઓએ પણ જાન ગુમાવ્યા અને ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયા. ક્યાંક પૂરેપૂરો પરિવાર તણાઈ ગયો. ક્યાંક પરિવારમાંથી એકાદ જણ જ બચ્યા. બચનારે નજરે જોયું ત્યારે તેની કેવી ન કલ્પી શકાય તેવી દૂર્દશા થઈ હશે. ઈશ્વરનો આવો પ્રકોપ શા માટે અને શાથી થયો હશે તે સમજાતું નથી અને અન્ય સર્વે સભ્યો ભાઈ-બહેનોએ અત્યંત દુઃખી હૃદયે સિનિયર સિટીઝન્સે મૃતાત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી. સિટીઝન્સની આ સભામાં વાલજીભાઈ પટેલ, ફતાભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ નાયક, ભગુભાઈ વ્યાસ, અશ્વિનભાઈ ઉપાધ્યાય અને અન્ય સર્વે સભ્ય ભાઈ-બહેનોએ અત્યંત દુઃખી હૃદયે મૃતકોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી



પાલનપુર ખાતે આવેલ પેથાણી બ્લડ બેંક ખાતે ભારત વિકાસ પરિષદ ફાઉન્ડેશન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો દ્વારા બ્લડ ડોનેશન કરીને મોટી માત્રામાં બ્લડ એકઠું કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાટણમાં ૧૩૧મી રથયાત્રા નિકળી

પાટણ, તા.૧૦

પાટણ શહેરમાં અષાઢી બીજના દિવસે ૧૩૧મી ભગવાન જગ્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળી હતી. શહેરના રોકડીયા ગેટ વિસ્તારમાં આવેલ ભગવાન જગન્નાથજીના મંદિરેથી વર્ષોની પરંપરા મુજબ ધામધૂમપૂર્વક ભવ્ય રથયાત્રા ભગવાન ભાવિક ભક્તોને મળવા નગરચર્યાએ નિકળ્યા હતા. ગુજરાતમાં અમદાવાદ પછીની બીજા નંબરની ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા પાટણમાં યોજાય છે. આજે યોજાયેલી ભગવાન જગન્નાથજીની ૧૩૧મી રથયાત્રામાં ભારે ઉત્સાહપૂર્વક લોકો રથયાત્રામાં જોડાયા હતા. ઠેર ઠેર વિવિધ સંસ્થાઓ અને નાગરિકો, વેપારી મંડળો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને રથયાત્રા નિયત માર્ગો પર ફ્રી સાંજે નિજ મંદિરે પરત ફ્રી હતી.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૪૦૦ | ૯૧૧ |
| એરંડા | ૬૯૮ | ૭૦૮ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૪ |
| મગ | ૬૫૦ | ૯૫૧ |
| બાજરી | ૨૩૫ | ૨૯૨ |
| ગવાર | ૧૧૪૯ | ૧૩૩૬ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૧૦ | ૨૬૫ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૦ |
| ડાંગર ગુજ | ૩૦૦ | ૩૪૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૨૮૦ |
| ડાંગર ગુજ | ૩૦૦ | ૩૪૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૯૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| બાજરી | ૨૨૫ | ૨૬૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૪૫ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૫૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૩ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| મગફળી | ૫૫૦ | ૮૨૫ |
| મગ | ૬૦૦ | ૯૦૦ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૨૩૫ | ૨૭૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૧ |
| મગફળી | ૫૫૦ | ૭૮૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૨૦ |
| મગ | ૭૦૦ | ૮૦૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૧ | ૨૮૧ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૮ |
| ડાંગર | ૨૯૦ | ૩૦૦ |
| એરંડા | ૬૯૮ | ૭૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૩૧૮ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૦ |
| જુવાર | ૩૫૦ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૫૮૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| ગવાર | ૧૦૨૫ | ૧૩૧૫ |
| મકાઈ | ૨૨૫ | ૨૯૦ |
| તુવેર | ૫૨૦ | ૬૫૦ |
| જુવાર | ૩૪૦ | ૩૭૦ |
| રાયડો | ૫૪૦ | ૫૭૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૯૦૨ |
| એરંડા | ૭૦૦ | ૭૦૩ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૧ |
| બાજરી | ૨૪૫ | ૨૬૬ |
| મકાઈ | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૧૨૫ | ૧૩૫૦ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| મકાઈ | ૨૦૦ | ૨૪૫ |
| મગફળી | ૭૦૦ | ૮૫૦ |
| ગવાર | ૮૦૦ | ૧૨૫૦ |
| મગ | ૭૦૦ | ૮૫૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જુવાર | ૫૩૨ | - |
| ઘઉં | ૩૦૩ | ૩૩૦ |
| જીરૂ | ૧૭૫૦ | ૨૫૦૦ |
| રાયડો | ૫૨૮ | ૬૧૩ |
| બાજરી | ૨૨૮ | ૨૯૨ |
| એરંડા | ૬૭૮ | ૬૯૧ |
| અજમો | ૭૨૪ | ૧૦૪૭ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૧૯ |
| બંટી | ૩૭૫ | - |

### જોટાણ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૬૯૪ |
| બાજરી | ૧૫૦ | ૨૭૦ |
| ગવાર | ૧૧૩૦ | ૧૩૦૨ |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૧૧ |
| એરંડા | ૬૭૫ | ૭૦૦ |
| સાસટો | ૩૦૦ | ૩૧૧ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૪ |
| ગવાર | ૧૧૦૦ | ૧૩૨૪ |
| ચણા | ૫૫૦ | ૫૮૦ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૭૩૦ |
| સવા | ૬૫૦ | ૭૦૦ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૮૩૫ |
| વરીયાળી | ૯૨૬ | ૨૨૬૫ |
| ઈસબગુલ | ૧૨૩૨ | ૧૩૮૦ |
| રાયડો | ૫૮૭ | ૬૬૦ |
| સરસવ | ૬૪૫ | ૬૫૦ |
| તલ | ૧૮૩૮ | ૨૧૬૧ |
| સવા | ૬૧૧ | ૬૮૫ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601